રાજયસેવા વર્ગ-૨ના મદદનીશ ઇજનેર (યાંત્રિક) ની તા.૦૨/૦૧/૨૦૦૮ થી તા.૦૧/૦૪/૨૦૧૧ સુધીના સમયગાળાની કામચલાઉ પ્રવરતાયાદી.

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
પરિપત્ર ક્રમાંક:-એસજેએમ-૧૮૨૦૧૫-૯૪-ઇ-૫
સચિવાલય, ગાંધીનગર
તા.૦૫/૦૨/૨૦૧૫

વંચાણે લીધા :- (૧) પરીપત્ર ક્રમાંક:-એસજેએમ-૧૩૦૮-૧-ઇ-૫, તા.૧૯/૦૧/૨૦૦૯
(૨) ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગની તા.૧૭/૦૭/૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક:-આરઓજે-૧૩૦૭-૦૧-ઇ-૫.

_પરિપત્ર:-_

નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળના રાજય સેવા વર્ગ-૨, મદદનીશ ઇજનેર (યાંત્રિક) ની તા.૦૧/૦૧/૨૦૦૮ની સ્થિતિની આખરી પ્રવરતાયાદી વંચાણે લીધે ક્રમાંક-(૧) હેઠળના તા.૧૯/૦૧/૨૦૦૯ના પરિપત્રથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. પ્રવરતાયાદીમાં ક્રમ-૧ થી ૩૫૧ સુધી સ્થાન આપવામાં આવેલ છે.

ત્યારબાદ તા.૦૨/૦૧/૨૦૦૮ થી તા.૩૧/૦૩/૨૦૧૦ સુધીમાં કોઇ અધિકારીની નિમણુંક થયેલ નથી. આથી આ સમયગાળાની પ્રવરતાયાદી પ્રસિધ્ધ કરવાની થતી નથી. આ પછી વંચાણે લીધેલ ક્રમાંક-(૨) હેઠળની અધિસૂચનાથી ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભલામણ થયેલ ઉમેદવારોને મદદનીશ ઇજનેર (યાંત્રિક) તરીકે આ વિભાગ હેઠળ નિમણુંક આપવામાં આવેલ છે. આથી મદદનીશ ઇજનેર (યાંત્રિક)ની તા.૦૧/૦૪/૨૦૧૧ની સ્થિતિની કામચલાઉ પ્રવરતાયાદી પ્રસિધ્ધ કરવાની બાબત વિચારણામાં હતી. જેને અનુલક્ષી પ્રસ્તુત પ્રવરતાયાદીમાં ક્રમાંક-૩૫૨ થી ૩૫૫ સુધી સ્થાન નિયત કરી આ સાથેના પત્રક-૧ મુજબ પ્રસિધ્ધ કરવામાં આવે છે. જયારે તા.૦૨/૦૪/૨૦૧૧ થી તા.૩૧/૦૩/૨૦૧૪ સુધીમાં કોઇ અધિકારીની નિમણુંક થયેલ ન હોઇ પ્રવરતાયાદી પ્રસિધ્ધ કરવાની થતી નથી.

આ પ્રવરતાયાદી કામચલાઉ છે, જેથી પ્રવરતાયાદીમાં રહી ગયેલ સામાન્ય ક્ષતિઓ તથા સુધારા-વધારા ઉમેરવા માટેના આવેદનપત્ર પ્રસ્તુત પ્રવરતાયાદી પ્રસિધ્ધ થયાના એક માસના ગાળામાં સ્વીકારવામાં આવશે. આ પ્રવરતાયાદી સામેની કોઇ રજૂઆતો, આવેદનપત્રો યોગ્ય રાહ મારફત રજૂ કરવાના રહેશે. સંબંધિત તમામ અધિક્ષક ઇજનેરશ્રીઓને તેઓની કચેરીમાં ફરજ બજાવતા મદદનીશ ઇજનેર (યાંત્રિક)ને આ કામચલાઉ પ્રવરતાયાદી તાત્કાલિક પરિપત્ર કરી તેઓના ધ્યાન પર લાવવા વિનંતી છે. આ કામચલાઉ યાદીની સામે મદદનીશ ઇજનેર (યાંત્રિક) દ્વારા રજૂ કરેલ વાંધા, આવેદનપત્રોમાંની રજૂઆતોને મૂળ દસ્તાવેજો સાથે સરખામણી કરીને મુદ્દાસહ આધાર-પુરાવા સહિત સ્પષ્ટ અભિપ્રાય સાથે વિભાગને તાત્કાલિક મોકલી આપવામાં જણાવવામાં આવે છે. નિયત સમય-મર્યાદા બાદ રજૂ થયેલા વાંધા/આવેદનપત્રો વિચારણામાં લેવામાં આવશે નહિ.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયોત્સના ચૌહાણ)
ઉપ સચિવ
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

બિડાણ:-પત્રક-૧

પ્રતિ,

- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(જ.સં.)ના અંગત સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પાણી પુરવઠા) ના અંગત સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ખાસ સચિવશ્રી(જ.સં.)ના અંગત સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(નર્મદા)ના અંગત સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- મુખ્ય ઇજનેરશ્રી (યાંત્રિક) અને અધિક સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી, ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરા.
- મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી, જળ અને જમીન વ્યવસ્થાપન સંસ્થા, આણંદ.
- આસી. જનરલ મેનેજરશ્રી (પર્સોનલ), સરદાર સરોવર નર્મદા, નિગમ લી., ગાંધીનગર.
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી (એમ.આઇ.સેલ) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર (પ્રવરતાયાદી આ વિભાગની વેબસાઇટ પર મુકવા સારું).
- વિભાગ હેઠળના સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ.
- સરદાર સરોવર પુન:વસવાટ એજન્સી હેઠળનાં સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ.
- અધિક્ષક ઇજનેરશ્રી, સિંચાઇ યાંત્રિક વર્તુળ નં.-૧, વડોદરા.
- અધિક્ષક ઇજનેરશ્રી, સિંચાઇ યાંત્રિક વર્તુળ નં.-૨, અમદાવાદ.
- અધિક્ષક ઇજનેરશ્રી, યાંત્રિક વર્તુળ (મા.મ.), અમદાવાદ.
- સર્વે સંબંધિત મદદનીશ ઇજનેર (યાંત્રિક)શ્રીઓ (સંબંધિત વર્તુળ/કચેરી મારફત).
- સેકશન અધિકારીશ્રી, ઇ-૩ શાખા, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીની પસંદગી ફાઇલ.
- શાખા સિલેકટ ફાઇલ.

પત્રક-૧

## તા.૦૧/૦૪/૨૦૧૧ના રોજની પરિસ્થિતિ દર્શાવતી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળના રાજ્ય સેવા વર્ગ-૨ના મદદનીશ ઇજનેર (યાંત્રિક) સંવર્ગની કામચલાઉ પ્રવરતાયાદી

| પ્રવરતા ક્રમાંક | અધિકારી/ કર્મચારીનું નામ | જન્મ તારીખ | અધિકારી/ કર્મચારી જે વિભાગ કચેરીમાં ફરજ બજાવતા હોય તે વિભાગ/ કચેરીનું નામ. | ભરતીનો સ્ત્રોત (સીધી ભરતી/ બઢતી/ ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે બઢતીથી નિમાયેલ હોય તેનો પ્રકાર) | બઢતીથી નિમાયેલા અધિકારી/ કર્મચારીના કિસ્સામાં નીચેના સંવર્ગની પ્રવરતા યાદીમાનો ક્રમ | સંવર્ગમાં ખરેખર નિમણુંકની તારીખ | નિમણુંકની સંભાવ્ય તારીખ (deemed date) / પુનઃ નિર્ધારિત તારીખ (readjusted date) | બિન અનામત/ અનુસુચિત જનજાતિ/ અનુસૂચિત જાતિ/ શા.શૈ.પ.વર્ગ / વિકલાંગ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૩૫૨ | શ્રી જીજ્ઞેશકુમાર કનુભાઇ પંચાલ | ૦૬/૦૮/૧૯૮૨ | સિં.યાં.વ.નં.-૨, અમદાવાદ હેઠળની સિંચાઇ યાંત્રિક પે.વિ.નં.-૫/૨, ગાંધીનગર. | સીધી ભરતી ૦૧/૨૦૦૯ | -- | ૨૨/૦૭/૨૦૧૦ | -- | સા.શૈ.પ.વર્ગ | -- |
| ૩૫૩ | શ્રી જયદીપ ભક્તિરામ નિમાવત | ૦૯/૧૦/૧૯૮૧ | રાજકોટ સિંચાઇ યોજના વર્તુળ, રાજકોટ હેઠળ ઇજનેર ભૂસ્તરીય વિભાગ, રાજકોટ. | સીધી ભરતી ૦૨/૨૦૦૯ | -- | ૨૬/૦૭/૨૦૧૦ | -- | સા.શૈ.પ.વર્ગ | -- |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૫૪ | શ્રી જયેશભાઇ વાલજીભાઇ પીપળીયા | ૦૧/૦૬/૧૯૭૪ | સિં.યાં.વ.નં.-૨, અમદાવાદ હેઠળની સિંચાઇ યાંત્રિક પે.વિ.નં.-૬/૩, વિરમગામ. | સીધી ભરતી ૦૬/૨૦૦૯ | -- | ૨૯/૦૭/૨૦૧૦ | -- | સા.શૈ.પ.વર્ગ | -- |
| ૩૫૫ | શ્રી કેતનકુમાર ઠાકોરભાઇ પટેલ | ૧૮/૦૪/૧૯૮૩ | જળસંપત્તિ સંશોધન વર્તુળ નં.-૧, અમદાવાદ હેઠળ ઇજનેર ભૂસ્તરીય વિભાગ, વડોદરા | સીધી ભરતી ૦૭/૨૦૦૯ | -- | ૧૭/૦૮/૨૦૧૦ | -- | સા.શૈ.પ.વર્ગ | તા.૧૦/૦૫/૨૦૧૧ ના રોજ રાજીનામું આપેલ છે. |

(જયોત્સના ચૌહાણ)
ઉપ સચિવ
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ